# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2554 ❖ માઘ પૂર્ણિમા ❖ 18 ફેબ્રુઆરી 2011 ❖ વર્ષ – 11 ❖ અંક – 11 ❖ સળંગ અંક - 131

## ધમ્મવાણી

अस्सद्धो अक तञ्ञू च, सन्धिच्छेदो च यो नरो ।
हतावकासो वन्तासो, स वे उत्तमपोरिसो ।।

– धम्मपद : ९७

જે નર (અંધ) શ્રદ્ધારહિત, નિર્વાણને જાણનાર, (ભવસંસ્કરણની) સંધિનું છેદન કરનાર, (પુનર્જન્મની) સંભાવનાથી રહિત અને (સર્વ પ્રકારની) આશાઓનો ત્યાગ કરનારો હોય તે નિઃસંદેહ ઉત્તમ પુરૂષ હોય છે.

# ભક્તિ ગુણો પરત્વે

### :: ધારણ કરે તો ધર્મ ::

**(ઝી. ટીવી પર ક્રમશઃ ચુમાલીસ ભાગોમાં પ્રસારિત પૂજ્ય ગુરૂદેવના પ્રવચનની બત્રીસમી કડી)**

શ્રદ્ધા થાય, બળવતી શ્રદ્ધા થાય. ભક્તિ થાય, બળવતી ભક્તિ થાય. ફળવતી ભક્તિ થાય, ફળવતી ભક્તિ ત્યારે થશે, જ્યારે તેની સાથે જ્ઞાન જોડાઈ જશે, ફળવતી ભક્તિ ત્યારે થશે, જ્યારે તેની સાથે કર્મ જોડાઈ જશે. ઉપાસ્ય દેવના રૂપમાં એક આદર્શ આપણી સામે છે. એવા આદર્શમાંથી પ્રેરણા લઈ જ્ઞાનના બળે તેને બરાબર સમજીને કર્મ પર ઉતારીશું. પોતાના જીવનમાં ઉતારીશું તો ભક્તિ ફળવતી થઈ જાય, વાંઝણી નહીં રહે. ભક્તિ કોઈના પણ પ્રતિ થાય. ઉપાસ્ય દેવ આ હોય કે પેલા, કોઈ ફરક નથી પડતો. જેના જે ઉપાસ્ય દેવ હોય તે, પરંતુ તેમનામાં સદ્‌ગુણ તો હોવા જોઈએ. કોઈ એવા ઉપાસ્ય દેવ, જે દુર્ગુણોના જ ભંડાર હોય તો આપણને શા કામના ? તે આપણો આદર્શ શી રીતે બનશે ? આપણું કલ્યાણ કેમ થશે ? જે આપણા ઉપાસ્ય હોય તે ગુણવાન હોય, આદર્શ હોય, એમના ગુણોથી આપણને પ્રેરણા મળે અને આપણે તેને પોતાના જીવનમાં ઉતારવા લાગીએ.

કોઈને ભગવાન મહાવીર પ્રતિ શ્રદ્ધા થઈ, ભક્તિ થઈ. ભગવાન મહાવીર પ્રતિ શ્રદ્ધા થઈ ! અરે, કલ્યાણ થયું, મંગળ થયું. પરંતુ, સાથે જો જ્ઞાન ન હોય તો ભક્તિ ભીખમાગણી થઈ જાય; સકામ થઈ જાય તો કલ્યાણ થતું નથી. કોઈ ઘણી શ્રદ્ધાથી ભગવાન મહાવીરનું મોટું મંદિર બનાવડાવે. સંગેમરમરનું મંદિર બનાવડાવે અને તેમાં ભગવાન મહાવીરની બહુ જ સુંદર સંગેમરમરની મૂર્તિની સ્થાપના કરે. પછી આવીને હાથ જોડીને કહે, ''મહારાજ મહાવીર સ્વામી ! આ જે મેં એકસો કરોડની નવી ફેક્ટરી સ્થાપી છે ને ! તે ચાલવા માંડે ! પછી તો તમારા ઉપર સોનાનું છત્ર ચડાવીશ ! અરે, લાંચ દેવા ઈચ્છે છે ? સોનાના છત્રની લાંચ દેવા ઈચ્છે છે અને તે પણ એવા માણસને જે આખું રાજપાટ, તમામ વૈભવ છોડીને એટલો અપરિગ્રહી બની ગયો કે કમરમાં લંગોટી સુદ્ધાં ન રાખી ! તેને સોનાના છત્રની લાંચ આપવા ઈચ્છે છે ! અરે, આપણે ક્યાં અટવાઈ ગયા ! શ્રદ્ધાના નામે ક્યાં અટવાઈ ગયા ?! તેમના ગુણોને યાદ કરો કે કેવા અપરિગ્રહી થયા. આપણે ગૃહસ્થ છીએ. તેમના જેટલા અપરિગ્રહી ન બની શકીએ. એવા અપરિગ્રહી ન બની શકીએ, પરંતુ જેટલા બની શકીએ તેટલો તો બનીએ ! કેવા વીતરાગ થયા ! આપણે તેમની નિતાંત વીતરાગ અવસ્થા સુધી ન પહોંચી શકીએ, પરંતુ એ તરફ ચાલીએ તો ખરા. અંદરથી જરા–જરા પણ રાગ નીકળે, દ્વેષ નીકળે, મોહ નીકળે તો જીવતાં આવડી જાય. તેમણે સામયિક શીખવી શું હોય છે સામયિક, એ જ ભૂલી ગયા. કોઈ વિપશ્યના કરે છે ત્યારે તે વાત સમજાય છે. પુરાતન ભારતની સામયિક શું ગણાતી ? સમતા જ સમતા, સમતા જ સમતા અને તે પણ ચિત્તની ઉપર–ઉપરની સપાટી પર નહિ, બલ્કે ચિત્તના ઊંડાણ સુધી, મૂળ સુધી સમતા હોય તો સામયિક થઈ.

તેમણે કાર્યોત્સર્ગ શીખવ્યો. શું કાર્યોત્સર્ગ શીખવ્યો ? કાયાનો ઉત્સર્ગ કરી નાખ્યો. અર્થાત્ કાયા પ્રતિ જરા પણ 'હું'– 'મારા' નો ભાવ નહીં. કાયા 'હું નથી, મારી નથી.' 'મારો આત્મા નથી.' દેહાત્મ બુદ્ધિ જરા પણ નથી. તો કેમ થશે ? કાયાની ભીતર જઈને કાયા સંબંધી બધી સચ્ચાઈઓને જાણીને તેનો ઉત્સર્ગ કરી રહ્યા છીએ. આપણને કાયા પ્રતિ જરા પણ રાગ નથી, દ્વેષ નથી, તેની સાથે તાદામ્ય નથી. તેના પ્રતિ આસક્તિ નથી. કાર્યોત્સર્ગ આ ગણાતો.

તેમણે પ્રતિક્રમણ શીખવ્યું. પ્રતિક્રમણ શું હોય છે ? આપણું ચિત્ત નિર્મળ અવસ્થામાં હોય, અત્યારે રાગ નથી, દ્વેષ નથી, મોહ નથી અને ક્યાંક કોઈ સંવેદના જાગે, દુઃખદ જાગે કે દ્વેષ કરવા લાગીએ, સુખદ જાગે કે રાગ કરવા લાગીએ તો અતિક્રમણ કર્યું ગણાય. પોતાની શુદ્ધતાની સીમાથી આગળ વધી ગયો, હોશમાં આવતાંની સાથે ફરી પ્રતિક્રમણ કરવા લાગ્યો. અરે ! રાગ નહીં ! વીતરાગ અવસ્થામાં રહેવું છે. દ્વેષ નહીં ! વીતદ્વેષ અવસ્થામાં રહેવું છે. મોહ નહીં ! વીતમોહ અવસ્થામાં રહેવું છે, તો પ્રતિક્રમણ થયું ને ! આમ કરવાની વિદ્યા જ શીખવી. ''**अन्तो, अन्तो देहान्तराणि**'' આ દેહની ભીતર, ઉપર–નીચે, આગળ–પાછળ, આડે–ત્રાંસે, સર્વત્ર જે કાંઈ થઈ રહ્યું છે તે ''**एहि मच्चेहि, एहि मच्चेहि**'' અરે ! આ મરણશીલ છે ! અરે, આ તો અનિત્ય છે. અરે, આ તો નશ્વર છે ! આ તો ભંગુર છે ! પરિવર્તનશીલ છે ! ક્યાંક તેના પ્રતિ આસક્તિ ન થઈ જાય ! કદાચ તેના પ્રતિ રાગ ન થઈ જાય.

એ રીતે (સાધક) 'સંધિ' ને જોતો રહે છે. ''**सन्धिं विदिता**'' વેદનાઓના સ્તરે સંધિ ક્યાં થઈ રહી છે, તો '**सन्धिं विदिता**' જો, ચિત્તધારા પર રાગની સંધિ થઈ ને ! બહુ જ સજગ છે, નહિ થવા દે. થાય તો તુરંત દૂર કરી દેશે. સંધિ વિચ્છેદ કરી દેશે. ચિત્તધારા પર

દ્વેષની સંધિ થાય તો તુરંત જાણશે. થવા જ નહિ દે અને થશે તો તુરંત જાણીને સંધિનો વિચ્છેદ કરી દેશે. ચિત્તધારા પર ન રાગની સંધિ, ન દ્વેષની, ન મોહની કોઈ પણ પ્રકારની સંધિ ન થાય, તો ભગવાન મહાવીરના માર્ગ પર ચાલી રહ્યા કહેવાય. ચાલીએ તો ને ?!

''**आयतचक्खु लोक विपस्सी**'' એવાં ચક્ષુ પ્રાપ્ત થઈ જાય કે ભીતર જે કાંઈ થઈ રહ્યું છે તેને એકદમ જાણવા લાગીએ, જે થઈ રહ્યું છે, તે અનુભૂતિઓના સ્તર પર જાણીએ. જાણીએ અને કોઈ પ્રતિક્રિયા ન કરીએ. જાણીએ અને કોઈ પ્રતિક્રિયા ન કરીએ. અરે, જરા-જરા પણ આ રસ્તા પર ચાલવા લાગ્યાં કે શ્રદ્ધા બહુ ફળવતી થશે, કેમ કે કર્મ પર ઊતરવા લાગી. આચરણમાં ઊતરવા લાગી. જ્ઞાન સાથેની શ્રદ્ધા હોય તો એ બહુ જ કલ્યાણકારિણી થાય. બહુ જ કલ્યાણકારિણી થાય.

એ જ રીતે કોઈને ઈસુ ખ્રિસ્ત પ્રતિ શ્રદ્ધા થઈ જાય. અરે, ઈસુ ખ્રિસ્ત ! સંતોના શિરમોર ! સંતોના સંત ! કોઈ સાચે જ સંત છે કે નહિ તેની પરીક્ષા એ વાતથી થાય છે કે મૃત્યુ ટાણે તેના ચિત્તની શી અવસ્થા છે. મૃત્યુ સમયે ચિત્ત શાંત છે કે અશાંત છે. મૃત્યુના સમયે ચિત્ત વિકાર-વિમુક્ત છે કે વિકાર યુક્ત છે એ તપાસ કરવાની હોય. જેમ બધા સંતોના જીવનમાં થાય છે, અનેક લોકો વિરોધી બની બેસે છે, દુશ્મન બની બેસે છે. અણસમજુ છે. બિચારા જાણતા નથી કે એ શું શીખવી રહ્યા છે, સમજતા નથી. પોતાની પરંપરાઓ પ્રત્યે એટલી ઊંડી આસક્તિ છે; પોતાના કર્મકાંડો પ્રત્યે એટલી ઊંડી આસક્તિ છે, પોતાની દાર્શનિક માન્યતાઓ પ્રત્યે એટલી ઊંડી આસક્તિ છે, જેથી કોઈ ગમે તેટલી કલ્યાણની વાત કરે, કાન બંધ રહે છે. સાંભળશે તો અવળી રીતે સાંભળશે અને તેનો વિરોધ જ વિરોધ કરશે ! તે જ રીતે આ સંતનો પણ ઘણો વિરોધ થયો. વાત ત્યાં સુધી પહોંચી ગઈ કે દુશ્મનોએ તેમને શૂળીએ ચડાવી દીધા, બંને હાથો પર ખીલા ઠોકી દીધા, પગમાં ખીલા ઠોકી દીધા, માથામાં ખીલા ઠોકી દીધા કે હવે તડપી-તડપીને મર ! અરે, કેવું મૃત્યુ ? કેવી તડપ ? કેટલી તડપ ? કેટલી પીડા ? આ તો શરીરની પીડા છે. મન તો કરૂણાથી ભર્યું છે, પ્યારથી ભર્યું છે. બહુ કરૂણા ઉમટે છે. બહુ પ્યાર ઉમટે છે. કોના પર ? પોતાના અનુયાયીઓ પર નહિ, એમના પર, જેમણે તેમની આ હાલત કરી છે. અરે ! આ લોકો તો નાદાન છે રે ! બહુ અબોધ છે રે ! તેમને હોશ નથી કે તે ઓ શું કરી રહ્યા છે. તેઓને પોતાના કૃત્યનું ફળ ન ભોગવવું પડે ! અરે ! તેઓને પોતાના કૃત્યનું ફળ ન ભોગવવું પડે ! આ સંત અને તે આપણા ઉપાસ્ય થઈ જાય. કેવી મોટી મંગળની વાત થાય ? પરંતુ તેમના એ ગુણ આપણા જીવનમાં ઊતરે ત્યારે જ મંગળની વાત થાય.

આપણા જીવનમાં પણ આપણા વિરોધીઓ પ્રતિ થોડો-થોડો પણ પ્યાર જાગવા માંડે, આપણા વિરોધીઓ પ્રતિ થોડી-થોડી પણ મૈત્રી જાગવા લાગે, કરૂણા જાગવા લાગે તો કલ્યાણની વાત થઈ. એવા ગુણ તો જાગે નહિ અને આપણે ફક્ત એવી આશા રાખીએ કે આ ઈસુ ખ્રિસ્ત અમારું કલ્યાણ કરી દેશે, અમારી મુક્તિમાં સહાયક બની જશે, અમને સ્વર્ગ અપાવી દેશે, ઈત્યાદિ. અરે ભાઈ ! ક્યાં અટવાઈ ગયા ?! ગુણોને યાદ કરો. શ્રધ્ધાની સાથોસાથ, ભક્તિની સાથોસાથ જ્ઞાન થાય. ગુણોને યાદ કરો, પ્રેરણા જગાવો અને તેવા ગુણો ભલે થોડા-થોડા આવે, આરંભ તો કરીએ. તેવા ગુણ આપણા જીવનમાં ઉતારવા માંડીએ, તો ભક્તિથી ખૂબ મંગલ થાય છે.

એ જ રીતે કોઈને પયગમ્બર મોહમ્મદ સાહેબ પ્રતિ ભક્તિ થઈ જાય. ખૂબ કલ્યાણની વાત થાય. સંત છે, તેમના ગુણોને યાદ કરીએ. તેમના મનમાં પ્યાર જ છે. સહુ પ્રત્યે પ્યાર છે. પોતાનું મન જરા પણ મેલું થવા નથી દેતા. કેવો પ્યાર ? જે તેમના અનુયાયીઓ છે, જેમણે ઈસ્લામ સ્વીકારી લીધો તેમના પ્રત્યે તો પ્યાર છે, કરૂણા છે, પરંતુ જેમણે ઈસ્લામને સ્વીકાર્યો નથી, ઈસ્લામનો વિરોધ કરે છે, તેમની શિક્ષાનો વિરોધ કરે છે, તેમના પ્રત્યે પણ એટલો જ પ્યાર, બલ્કે વધુ પ્યાર !

તેમના જીવનની બે ઘટનાઓ - મસ્જિદમાં નમાજ પઢાઈ રહી છે. મોહમ્મદ સાહેબ પણ છે અને લોકો નમાજ પઢી રહ્યા છે. એટલામાં કોઈ બિચારા ડાયાબિટીસના રોગીને જોરથી પેશાબની હાજત થઈ અને રહી શકાયું નહીં, તો ત્યાં જ નજીકમાં ક્યાંક પેશાબ કરી લીધો. નમાજ પૂરી થઈ ત્યારે બીજા લોકો લાકડી લઈને તેની તરફ દોડ્યા. ''આખી મસ્જિદને નાપાક (અપવિત્ર) કરી દીધી ! મારો આને !'' ''અરે ના, ના'' મોહમ્મદ સાહેબ પાસે આવે છે અને કહે છે, ''બિચારો રોગી છે ! અરે રોગી છે !'' અને પોતે જ પાણીની બાલદી ભરીને તેને સાફ કરે છે. કેટલી કરૂણા છે ! એક રોગી પ્રતિ કેટલી કરૂણા છે ! એ અનુયાયી છે, એટલા માટે જ નહિ બલ્કે રોગી છે ! કેટલી કરૂણા છે ! અને એ જ રીતે જે રોગી પણ નથી અને અનુયાયી પણ નથી. તો પણ એટલી જ કરૂણા !

બીજી એક ઘટના - દરરોજ નિયમિત, સમયસર નમાજ પઢવા માટે પોતાના ઘરેથી મસ્જિદ જતા. રસ્તામાં એક ડોશીમાનું ઘર આવતું અને એ તેમની મોટી દુશ્મન, તેમની કોઈ વાત એને સારી ન લાગે : ''આ માણસ શું શીખવી રહ્યો છે ? બધું ખોટું શીખવી રહ્યો છે. બધી વાતો અમારી જૂની પરંપરાઓથી વિરૂદ્ધ છે.'' તો શું કરે ? એટલી બળવાન તો છે નહિ કે તેમના પર આક્રમણ કરે. એટલે પોતાનો ગુસ્સો કાઢવા માટે જ્યારે જ્યારે પયગમ્બર સાહેબ તેના ઘરની નીચેથી પસાર થાય ત્યારે એ પોતાની કચરાથી ભરેલી ટોપલી તૈયાર રાખે અને તેમના માથા પર ઠાલવી દે. તેઓ સ્મિત કરી, કચરો ઝાટકીને આગળ વધી જાય. આ રોજનું કામ. દરરોજ આ પ્રમાણે થતું. એ રસ્તા પરથી પસાર થતા હતા ત્યારે એક દિવસ જોયું તો ઉપરથી કચરો ન પડ્યો. શું થયું ? આ તો અનોખી વાત થી ! રોજ ઉપરથી કચરો પડતો, આજે શું થયું ? એટલે ચડી ગયા ઉપર. અરે, શું થયું ? આ ડોશીમા ક્યાંક બીમાર તો નથી પડ્યાં ને ? ''અરે, ડોશીમા, ખેરિયત તો છે ને ? શું થયું ?'' અરે, આટલી કરુણા ? જે વિરોધી છે તેના પ્રતિ પણ આટલી જ કરુણા ! જે તેમના ઉપદેશ અનુસાર ઈસ્લામને સ્વીકારે છે તેમના પ્રતિ પણ આટલી જ કરુણા. અરે, એવી કરુણા જાગે તો ! એવો પ્યાર જાગે તો ! એવી ચિત્તની નિર્મળતા જાગે તો ! ત્યારે જ ભક્તિ કલ્યાણકારિણી થાય. અન્યથા ભક્તિ કેવળ આંધળી ભક્તિ બનીને રહી જાય તો એનાથી આપણું કલ્યાણ નથી થતું.

એ જ પ્રમાણે કોઈને શ્રી ગુરુદેવ નાનકદેવજી પ્રત્યે શ્રદ્ધા જાગે. અરે, સંતોમાં સંત શિરોમણિ નાનકદેવજી પ્રત્યે શ્રદ્ધા જાગે. તેમના ગુણોને યાદ કરે અને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે તો કલ્યાણ થઈ જાય. કેવા સંત ! કેવા સંત ! અનેક જન્મો સુધી ચિત્તને નિર્મળ કરતાં-કરતાં કોઈ સંત બને છે. ચમત્કારથી કોઈ સંત નથી બની જતું. અનેક જન્મોથી ચિત્તને નિર્મળ કરતાં-કરતાં, શાંત કરતાં-કરતાં સંત થયા. બાળપણમાં એકવાર પિતાએ ખેતરે મોકલ્યા. ''જા, ખેતરની રખેવાળી કર. આજકાલ ચકલાંના ઝુંડનાં ઝુંડ આવે છે. આપણું ખેતર પાકીને તૈયાર છે, બધું જ અનાજ ખાઈ જશે. ખેતરના માંચડા પર બેઠો રહેજે. જેવાં ચકલાં આવવા લાગે તો પાસે આ પથ્થર છે તે ફેંકીને ચકલાંને મારીશ તો ભાગી જશે.'' બેઠો છે. થોડીવારમાં ચકલાનાં ઝુંડ આવે છે તો જુએ છે. અરે, આ

બિચારાંને ખાવાનું ક્યાં મળશે ? એ દાણાં ચણી રહ્યાં છે. મન બહુ પ્રસન્ન થાય છે અને ગાય છે પ્રસન્નતાથી...

**હરિજી કી ચિડિયા, હરિજી કા ખેત**
**ખા મેરી ચિડિયા, ભરભર પેટ.**

અરે ! કેટલો પ્યાર, બાળપણમાં જ કેટલો પ્યાર, કેટલી મૈત્રી, કેટલી સદ્ભાવના ! ભલેને ખાય ! ચકલી કેટલુંક ખાય ? જ્યારે કોઈની અંદર મૈત્રી હોય છે, કરુણા હોય છે તો તેના તરંગો આસપાસના વાતાવરણને મૈત્રી–કરુણાથી ભરી દે છે. હજુ ઉંમર નાની છે તો શું થયું ? અનેક જન્મોમાં સંત રહ્યા છે. આખું વાતાવરણ એ તરંગોથી ભરાઈ ગયું અને જ્યાં પણ એ તરંગો આવે છે, ઉપજ આપોઆપ વધુ થાય છે. આમ, દર વર્ષે જેટલી ઉપજ થતી હતી તેનાથી કેટલીયે વધુ ઉપજ થઈ. એવી મૈત્રી, કરુણા આપણામાં પણ આવે તો ? કેટલો પ્યાર ! બીજા પ્રત્યે કેટલો પ્યાર !

આ પ્યાર શી રીતે આવ્યો ? અંતર્મુખ થઈને નિર્મળ ચિત્તને વધુને વધુ નિર્મળ કર્યે જ જાય છે અને શીખવે છે કે કેમ નિર્મળ કરાય – કિવ સચિયારા હોઇએ, કિવ કૂડે તૂટૈ પાલિ. સચિયારા બની જાઓ. **आदि सचु, जुगादि सचु, है भी सचु, नानक होसी भी सचु ।** આ સચખંડની યાત્રા પોતાની ભીતર કરો. સત્ય જ સત્ય, સત્ય જ સત્ય, કલ્પના નથી. **'कू ड़ै तुटै पालि'** કોઈ પડળ, કોઈ પડ જૂઠું ન રહી જાય. કલ્પના ન રહી જાય. યથાર્થ – **'आपे आपि निरंजनु सोई'** તેનું જ દર્શન કરવાનું છે. તેનો જ અનુભવ કરવાનો છે. જે આપોઆપ થઈ રહ્યું છે. જે સચ છે, જે સત્ય છે. અરે, સત્ય જ તો ઈશ્વર છે ! પરમ સત્ય જ તો પરમેશ્વર છે ! **अंजन मांहि निरंजन देखो** – આ શરીરમાં તેની ભીતર નિરંજનને જુઓ. ઈશ્વરને જુઓ એટલે કે સત્યનો અનુભવ કરો. સત્યનો અનુભવ થવા લાગશે તો બધી ભ્રાંતિઓ દૂર થઈ જશે.

**बाहर–भीतर एको सच है, यह गुरु–ज्ञान बताई रे ।**
**जन नानक बिन आपा चीन्हे, कटे न भ्रम की काई रे ।।**

પોતાની જાતને જાણ્યા વિના ભ્રમ નથી ભાંગતો. તો પોતાની જાતને જાણવી છે. અંતર્મુખ થયા વિના પોતાને શી રીતે જાણીશું ? આ સાડા ત્રણ હાથની કાયાની ભીતર અંતર્મુખ થઈને સચ્ચાઈને જાણીએ. ચિત્ત નિર્મળ થતું જશે, વીતરાગ થતું જશે, વીતદ્વેષ થતું જશે, વીતમોહ થતું જશે અને જેટલું–જેટલું નિર્મળ થતું જશે, તેટલું તેટલું મૈત્રીથી ભરાવા લાગશે, કરૂણાથી ભરાવા લાગશે, સદ્ભાવનાથી ભરાવા લાગશે. પછી તો રહી નહિ શકાય. લોકસેવા જ લોકસેવા. લોકસેવા જ લોકસેવા આ સંતોમાં સંત શિરોમણી આખું જીવન લોકસેવા કરે છે. ભારતના ખૂણેખૂણામાં જ નહિ, વિદેશોમાં જઈને ધર્મ શીખવે છે. દૂર–દૂર દેશોમાં એ જ ચિત્તની નિર્મળતાનો 'ધર્મ' શીખવે છે. આજની માફક આવાગમનનાં સાધનો તો હતા નહીં. યાત્રા કેટલી કઠણાઈઓથી ભરેલી હશે ! બધી કઠણાઈઓને સહન કરીને સંસારના ઠેર–ઠેર દુખિયારા લોકોને ચિત્ત નિર્મળ કરવાનો કોઈ રસ્તો મળી જાય ! તેઓને ભીતરની શાંતિ મળી જાય ! ખૂબ કલ્યાણ થઈ જશે ! તેમનું મંગલ થઈ જશે ! આવા મૈત્રી–ચિત્તથી, કરૂણા ચિત્તથી, સદ્ભાવના ભર્યા ચિત્તથી ઠેર–ઠેર યાત્રાઓ કરે છે.

બીજી એક બહુ મોટી વાત કરી. જેમ કબીર સાહેબે કરી એમ નાનકદેવજીએ કરી. બહુ મોટી વાત એ કરી કે ચિત્તને નિર્મળ કરીને ધર્મ શીખવવાનું કામ કેવળ ગૃહત્યાગી જ કરે તે આવશ્યક નથી. ગૃહત્યાગી છે તે ઘણી સારી વાત છે. ગૃહ ત્યાગવામાં, સંન્યાસ લેવામાં, ભિક્ષુ બનવામાં, મુનિ બનવામાં, સાધ્વી બનવામાં બહુ મોટો ત્યાગ કરવાનો હોય છે. ઘરની આસક્તિ તોડવાની હોય છે. ત્યારે લોકસેવા થાય છે. તેમણે તો એ જ કરવાનું છે. બીજું કરવાનું જ શું છે ? એટલે ઘર છોડ્યું છે કે જેથી સ્વયં પોતાનું મંગળ સાધી લે અને પછી બીજાનું મંગળ સાધવામાં લાગી જાય. સ્વયં પોતાનું મંગળ સાધ્યા વિના બીજાનું મંગળ સાધી ન શકાય. આથી જેઓ ગૃહત્યાગી છે તેઓ આપણા માટે પૂજ્ય છે. પરંતુ ગૃહસ્થ હોય તો ગૃહસ્થ પણ પોતાના ચિત્તને નિર્મળ કરે અને નિર્મળ કરીને લોકસેવા કરે. (નાનક દેવજીએ) એવા ગૃહસ્થોનો એક આદર્શ રજૂ કર્યો. ગૃહસ્થ સંત છે. ઘરગૃહસ્થીની જવાબદારી નિભાવતાં નિભાવતાં પણ આસક્તિ નથી. અનાસક્ત છે અને લોકસેવા કરી રહ્યા છે. લોકસેવા કરી રહ્યા છે.

અરે, જે સમાજના ગૃહસ્થો નહિ સુધરે, જે સમાજના ગૃહસ્થોના ચિત્તમાં શાંતિ નહિ આવે, નિર્મળતા નહિ આવે તે સમાજમાંથી સારા સંન્યાસી કેમ બહાર આવશે ? સારા ભિક્ષુ કેમ બહાર આવશે ? તો એક આદર્શ ઊભો કર્યો કે ગૃહસ્થ સારો ગૃહસ્થ કેવી રીતે બને ? ગૃહસ્થ શાંતિનું જીવન કેવી રીતે જીવે ? કોઈ ગૃહસ્થ સંત કેવી રીતે બને. આપણા જેવા ગૃહસ્થો માટે એક આદર્શ ખડો કર્યો. બહુ સારો આદર્શ. એમના પ્રત્યે શ્રદ્ધા જાગે તો મનમાં એ જ ભાવ જાગે કે ગૃહસ્થના વાઘા પહેરવા છતાં પણ અમારે વૈરાગી જેવું જીવન જીવવું છે. પોતાનું પણ કલ્યાણ કરવું છે. બીજાનું પણ કલ્યાણ કરવું છે. રાષ્ટ્રના, વિશ્વના બધા ગૃહસ્થ ધાર્મિક બની જાય. ધર્મના રસ્તે ચાલવા લાગે. શુદ્ધ ચિત્ત થઈ જાય. નિર્મળ ચિત્ત થઈ જાય. મૈત્રીથી ભરાઈ જાય. કરુણાથી ભરાઈ જાય. અરે, આમાં તો કલ્યાણ છે. પોતાનું પણ કલ્યાણ છે. બીજાનું પણ કલ્યાણ છે. બહુ જ નિર્મળ ચિત્તથી ધર્મનો પંથ જાગૃત થાય અને લોકોને એના પર ચાલવાની પ્રેરણા મળે. ચાલવા માંડે તો મંગલ જ મંગલ. ચાલવા લાગે તો કલ્યાણ જ કલ્યાણ. ચાલવા લાગે તો સ્વસ્તિ જ સ્વસ્તિ. ચાલવા લાગે તો મુક્તિ જ મુક્તિ.

**- મંગલ મિત્ર**
**સત્યનારાયણ ગોયન્કા**

## અમરેલી સમૂહ સાધના/એક દિવસીય શિબિર

**એક દિવસીય શિબિર :** મહિનાના ત્રીજા રવિવારે સવારે ૯.૦૦ થી ૪.૦૦ કલાકે. **સ્થળ :** સાલ્વે સાહેબ, મોટાભાઈ ગાંધી સામે, ભગિનિ પાછળ, સુખનિવાસ કોલોની રોડ, **સમૂહ સાધના :** દર બુધવારે સવારે ૭.૦૦ થી ૮.૦૦ કલાકે, **સ્થળ :** સાલ્વે સાહેબ, મોટાભાઈ ગાંધી સામે, ભગિનિ પાછળ, સુખનિવાસ કોલોની રોડ, **સંપર્ક :** દ્વારકાદાસ લલાડિયા : ફોન :૦૨૭૯૨) ૨૨૩૯૮૩, મો. ૯૪૨૬૨ ૩૧૪૪૯.

**સમ્યક્ સંબુદ્ધના શિક્ષણમાં**
**અંધમાન્યતા કે અંધશ્રદ્ધાને અવકાશ નથી.**

## ધમ્મકોટ માટે ધમ્મસેવિકા/ધમ્મસેવકની આવશ્યકતા

ધમ્મકોટ કેન્દ્ર માટે ધમ્મસેવિકા/ધમ્મસેવકની આવશ્યકતા છે. કેન્દ્ર ખાતે લાંબો સમય રહી વિભિન્ન ધર્મસેવા આપી શકે તેવા દંપતીને અગ્રતા અપાશે. જરૂરિયાતવાળા કિસ્સામાં માનદ્વેતન આપવા અંગે વિચાર થઈ શકશે. ઈચ્છુક સાધક/સાધિકા ધમ્મકોટ કેન્દ્ર અથવા રાજકોટ સિટિ ઓફિસનો સંપર્ક સાધી શકે છે.

## જામનગર સમૂહ સાધના/એક દિવસીય શિબિર

**સ્થળ :** વિપશ્યના સાધના કેન્દ્ર, ભગવાનદાસ મોતિયાણી, ૬૫/૬૬, દિગ્વિજય પ્લોટ, પટેલ સેવા સમાજ પાસે, જામનગર. સમય અને સંપર્ક : અગાઉ સૂચિત કર્યા અનુસાર.

## ભાવનગર વિસ્તારના જિજ્ઞાસુઓ માટે ધમ્મકોટ પર ૧૦ દિવસીય શિબિર

ભાવનગર અને આસપાસ વસતા જિજ્ઞાસુ ભાઈ-બહેનો માટે ધમ્મકોટ પર ૧૦ દિવસીય શિબિર તા. ૨ માર્ચ, ૨૦૧૧ - બુધવાર થી તા. ૧૩ માર્ચ, ૨૦૧૧ - રવિવાર સુધી આયોજીત છે. ઈચ્છુક વ્યક્તિએ અનિલભાઈ શાહનો સંપર્ક સાધવા વિનંતી. ફોન : (૦૨૭૮) ૩૨૦૨૦૦૨, મો. ૯૪૨૭૨ ૩૨૧૪૫.

## ધોરાજી-જામકંડોરણા-ઉપલેટાના જૂના સાધકો માટે સેમિનાર : ૦૬ માર્ચ ૨૦૧૧

ઉપર્યુક્ત વિસ્તારના જૂના સાધકો માટે એક સેમિનારનું આયોજન તા. ૬-૩-૨૦૧૧ ના રવિવારે સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી શ્રી સરસ્વતી શિશુમંદિર/પ્રાથમિક વિદ્યાલય, પાટણવાવ પર આયોજિત કરાયેલ છે. આ સેમિનારમાં ઉપસ્થિત રહી આપ સાધના વિષયક શંકા/પ્રશ્નોનું સમાધાન મેળવી શકશો, તેમજ સાધના અંગે વિશેષ સમજ કેળવી શકશો. ફલતઃ આપનું તથા પરિવાર-મિત્રોનું મંગલ સાધી શકાશે.

**સેમિનારમાં હાજર રહેવા સંપર્ક :**

| | | |
|---|---|---|
| ધોરાજી | : વલ્લભભાઈ લક્કડ | મો. ૯૩૭૬૪ ૩૮૩૩૦ |
| | કેશુભાઈ સાવલિયા | મો. ૯૪૨૮૨ ૨૮૦૬૬ |
| ઉપલેટા | : પ્રભુદાસભાઈ વઢવાણા | મો. ૯૩૭૪૨ ૦૮૨૧૧ |
| | જસરાજભાઈ સોનેજી | ફોન : ૦૨૮૨૬-૨૨૫૬૧૨ |
| જામકંડોરણા | : ગોબરબાઈ હેસિયા | ફોન : ૦૨૮૨૪-૨૭૧૦૮૩ |
| પાટણવાવ | : કનુભાઈ પાગડાર | ફોન : ૦૨૮૨૪-૨૮૭૨૧૧ |

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2220861-866 (0281) 2221384, 94272 21591 | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 |
|---|---|---|---|
| **૨૦૧૧ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી** | | | |
| 02-03-11 to 13-03-11 | 02-03-11 to 13-03-11 | 02-03-11 to 13-03-11 | 02-03-11 to 13-03-11 |
| 16-03-11 to 27-03-11 | 19-04-11 to 30-04-11 | 16-03-11 to 27-03-11 | 30-03-11 to 10-04-11 |
| 06-04-11 to 17-04-11 | 03-05-11 to 14-05-11 | 30-03-11 to 10-04-11 | 11-05-11 to 22-05-11 |
| 20-04-11 to 01-05-11 | 17-05-11 to 28-05-11 | 13-04-11 to 24-04-11 | 01-06-11 to 12-06-11 |
| 04-05-11 to 15-05-11 | 30-05-11 to 11-06-11 | 18-05-11 to 29-05-11 | 29-06-11 to 10-07-11 |
| 16-05-11 to 27-05-11 | 07-08-11 to 18-08-11 | **: મોગર :** | **: ધર્મજ :** |
| 01-06-11 to 12-06-11 | 24-08-11 to 04-09-11 | 'ધમ્મભવન' ૫-કાલિંદી પાર્ક, અકોટા. | હેમંતભાઈ પટેલ (૦૨૬૯૨) |
| 29-06-11 to 10-07-11 | 05-09-11 to 16-09-11 | ફોન : ૦૨૬૫-૨૩૪૧૧૮૧ | ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨ મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫ |
| 13-07-11 to 24-07-11 | 17-09-11 to 28-09-11 | 16-03-11 to 27-03-11 | 06-05-11 to 17-05-11 |
| 27-07-11 to 07-08-11 | 04-10-11 to 15-10-11 | 13-04-11 to 24-04-11 | 06-09-11 to 17-09-11 |
| 14-08-11 to 25-08-11 | 16-10-11 to 27-10-11 | | |
| 26-08-11 to 06-09-11 | 29-10-11 to 09-11-11 | | |
| **ફક્ત જૂના સાધકો માટે સતિપટ્ઠાન શિબિરો** | | | |
| 17-06-11 to 25-06-11 | 17-03-11 to 25-03-11 | | 17-09-11 to 25-09-11 |
| 08-09-11 to 16-09-11 | 05-07-11 to 13-07-11 | | |
| **ફક્ત જૂના સાધકો માટે વિશેષ શિબિરો** | | | |
| 15-06-11 to 26-06-11 | 24-08-11 to 04-09-11 | 29-06-11 to 10-07-11 | 14-12-11 to 25-12-11 |
| **ગંભીર સાધકો માટે ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર** | | | |
| (૨૦ દિવસ) 18-09-11 to 09-10-11 (૩૦ દિવસ) 08-09-11 to 09-10-11 | (૨૦ દિવસ) 26-03-11 to 14-04-11 (૩૦ દિવસ) 16-03-11 to 16-04-11 (૪૫ દિવસ) 24-11-11 to 09-01-12 | (ફક્ત છોકરીઓ માટે) 07-05-11 to 15-05-11 (બુદ્ધ પૂર્ણિમા) 17-05-11 to 17-05-11 | (૨૦ દિવસ) 17-07-11 to 07-08-11 (૭ દિવસ-બાળકો માટે) 26-04-11 to 04-05-11 સહાયક આચાર્યોની પ્રશિક્ષણ કાર્યશાળા |
| **એક દિવસીય શિબિર જૂના સાધકો માટે** | | | |
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

### દોહા ધરમના

શુદ્ધ ધર્મ કા શાંતિ પથ, સંપ્રદાય સે દૂર ।
શુદ્ધ ધર્મ કી સાધના, મંગલ સે ભરપૂર ॥
શ્રદ્ધા જાગી બુદ્ધ પર, ચલૂં બોધિ કે પંથ ।
બોધિ જગાઉં સ્વયં કી, મંગલ ખિલે અનંત ॥
શ્રદ્ધા જાગી ધર્મ પર, ચલૂં ધર્મ કે પંથ ।
સબ પાપોં કા હનન કર, બનૂં સ્વયં અરહંત ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧-૨-૩ ની મંગલકામના

### દોહા ધરમના

શ્રદ્ધા જાગી સંત પર, બઢૂં શાંતિ કે પંથ ।
શાંતિ સમાયે ચિત્ત મેં, હોયે દુખોં કા અંત ॥
શ્રદ્ધા તો જાગે મગર, છૂટે નહીં વિવેક ।
શ્રદ્ધા ઔર વિવેક સે, મંગલ જગે અનેક ॥
શ્રદ્ધા તો જાગે મગર, અંધ ન બનને પાય ।
પ્રજ્ઞા પ્રદીપ કી, જ્યોતિ નહીં બુઝ જાય ॥

**ટીએમએલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર. સી. દત્ત રોડ
વડોદરા-૩૯૦ ૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૧.

**વિપશ્યના 18 ફેબ્રુઆરી 2011** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

Weighs less than 10 gms
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ - 360 001.
સિટી ઓફિસ : ફોન - (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org